**સિવિલમાં વોર્ડના ઈ.સી.જી. બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકી**

## @ગાંધીનગર

● સિનિયર સિટિઝન્સ કાઉન્સિલ દ્વારા સાંજે ૫.૦૦ કલાકે સેકટર-૭ સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી ખાતે માસીક બેઠક તેમજ અમૃત મહોત્સવ કાર્યક્રમ યોજાશે.

● બ્લુ ચીપ દ્વારા સવારે ૧૧ થી ૨ કલાક દરમિયાન સે-૧૧ ખાતે સિનિયર સિટિઝન્સ માટે ડાયાબીટીસ કેમ્પ યોજાશે.

● ઈન્ફોસીટી કલબ એન્ડ રીસોર્ટ ખાતે સાંજે ૭ કલાકેથી નવ વર્ષની વધામણી માટે ડી.જે. પાર્ટી યોજાશે.

● ચિલોડા સ્થિત એસ.પી.રિસોર્ટ ખાતે ડાન્સ એન્ડ ડિનર પાર્ટી યોજાશે.

● કોબા હાઈવે પર શમિયાણા પાર્ટી પ્લોટ ખાતે નવા વર્ષની ઉજવણી કરાશે.

● ગાંધીનગર કોબા હાઈવે પર બહોરા પાર્ટી પ્લોટ ખાતે ડી.જે. નાઈટ યોજાશે.

● ભાટ ગામ પાસે આવેલ નારાયણી હાઈટસ ખાતે થીમ બેઝ ડી.જે. નાઈટ યોજાશે.

● ક-૭ પાસે આવેલ શિવાલય પાર્ટી પ્લોટ ખાતે ડી.જે. નાઈટ યોજાશે.

- નજાહખાનમ સૈયદ

# સે-૬માં બે બાળકીઓના અપહરણનો પ્રયાસ

**પોલીસ સ્ટેશનની સામે જ નકાબપોશ યુવાને રાત્રે હિંમત કરી : એક પડોશી યુવતીને શંકા જતા યુવાનને પડકાર્યો : બાળકીને છોડીને અપહણકાર અંધારામાં ઓગળી ગયો : વસાહતીઓના ટોળા ભેગા થઈ ગયાને ગભરાઈ ગયેલી બાળકીને સાંત્વના આપી પોલીસમથકે પહોંચ્યા**

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરમાં દિનપ્રતિદિન ગુન્હાઓનો ગ્રાફ સતત વધી રહ્યો છે. પોલીસ મોટા ભાગના ગુનાઓ ઉકેલવામાં નિષ્ફળ નિવડી રહી છે. ત્યારે શહેરના સેકટર-૬માં એક યુવતીની જાંબાઝીથી મોટી ઘટના બનતી ટળી હતી.

શહેરના સેકટર-૬ ભાથીજી મહારાજના મંદિરની સામેના ખાંચામાં અંદાજે રાત્રિના સવા દસ વાગે ૪ વર્ષ અને ૬ વર્ષની બે બાળકી રમી રહી હતી ત્યારે નીઝા માસ્ક પહેરીને આવેલા એક શખ્સે ૪ વર્ષની બાળકીનું મોં દબાવી અપહરણ કરી ઉઠાવી જવાનો પ્રયાસ કર્યો હતો. જો કે અપહ્યુત બાળકીએ અપહરણકર્તા શખ્સના હાથે બચકુ ભરતા તેનો છુટકારો થયો હતો. બસ આજ સમયે પાછળ આવતી યુવતીએ આ સમગ્ર ઘટના જોતા બુમાબુમ કરી હતી અને અપહરણકર્તાએ સ્થળ છોડી નાસી છુટવાની ફરજ પડી હતી. અને મોટી અપહરણની ઘટના બનતી અટકી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ આ ઘટના એવી છે કે શહેરના સેકટર-૬ પોલીસ મથકની સામે સરકારી 'જ' ટાઈપના મકાન આવેલા છે. જયાં ભાથીજી મહારાજના મંદિર સામેના ખાંચામાં ગત રાત્રિના સવા દસ વાગ્યાના ગાળામાં ૪ વર્ષ અને ૬ વર્ષની બે બાળકી રમી રહી હતી. આ દરમિયાન અંધારુ અને એકલતાનો લાભ લઈ મોં પર નીઝા માસ્ક બાંધીને એક શખ્સ આવ્યો હતો અને રમી રહેલી બે બાળકીઓમાંથી એક બાળકીનું મોં દબાવી ઉઠાવી જવાનો પ્રયત્ન કર્યો હતો. જો કે બાળકીએ અપહરણકર્તા શખ્સના હાથે બચકું ભરી લેતા તેણે બાળકીને છોડી મુકી હતી જેથી બાળકી માર્ગ પર પટકાઈ હતી.



આજ સમયે પાછળથી આવતી જાબાઝ એક યુવતીએ આ સમગ્ર ઘટનાને જોતા તેણે બુમાબુમ કરી હતી અને અપહરણ કર્તા ઉંધી પુંછડીએ નાશી છૂટયો હતો. આ અપહરણના પ્રયાસની ઘટના બનતા આસપાસના લોકો ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જો કે આ બનાવમાં બંને બાળકીએ હેબતાઈ ગઈ હતી જયારે આસપાસના લોકો પણ ભયભીત બન્યા હતા અને યુવતીની સુઝ અને હિંમતને લીધે બે બાળકીનો આબાદ બચાવ થયો તેની સરાહના પણ કરી હતી.

આ બનાવ અંગે સમગ્ર સેકટર-૬માં ભયનો માહોલ ઉભો થયો છે અને ચાઈલ્ડ ટ્રાફિકીંગની ટોળકી સક્રીય થઈ હોવાની ચર્ચાઓ પણ તેઓ કરતા હતા. જો કે પોલીસ ૧૦ મીટર નજીક બનેલી બાળકીની અપહરણના પ્રયાસની ઘટના મામલે બસ જાણવા જોગ ફરિયાદ લઈ બેસી ગઈ છે.

## વાતવાતમાં

● રાજયના પોલીસવડાએ તમામ પીએસઓને હવે પોલીસ સ્ટેશને આવતા તમામ કેલ રીસીવ કરતી વખતે 'નમસ્તે' ના બદલે 'જય હિન્દ' કરી વાત પ્રારંભ કરવા આદેશો આપ્યા છે. હવે ફરિયાદી કે અરજદાર પલીસ સ્ટેશને ફોન કરશે ત્યારે રાષ્ટ્રવાદી અભિવાદનથી સ્વાગત કરાશે.

● ગાંધીનગરના હૃદય સમા સ્વર્ણિમ પાર્કના મધ્યમાં આવેલ ઘ-૪ સર્કલે છોડવાઓનું કટીંગ-ટ્રીમીંગ કાર્ય હાથ ધરાયું છે. સ્વર્ણિમ પાર્કથી પસાર થતા મુલાકાતીઓને ગાંધીનગર એક ફુલોની નગરી તરીકેનો અહેસાસ થાય છે.

● સે-૨૪માં ઈન્દિરાનગર ખાતે એક શ્રમજીવી રીક્ષાચાલક પુરુષોત્તમ પરમારની પોતાના ઘર આગળ પાર્ક કરાયેલ લોડીંગ રીક્ષામાંથી રૂ. ૫૫૦૦ની કિંમતની બેટરી ચોરાઈ જવા પામી છે. બેટરી ચોરાવા સાથે બીજા દિવસનો ધંધો પણ બગડતા રીક્ષા ચાલકને બેવડો ફટકો પડયો છે.

● સેકટર-૭-સીમાં બપોરે ૧૨ થી ૬ વાગ્યા સુધી સતત ૬ કલાક વીજળી ગુલ થઈ જવા પામી હતી. વિજળી ગુલ થઈ જવાને કારણે આ સેકટરના અનેક વાણિજ્યિક એકમો લાઈટો ગુલ થવાથી હેરાન પરેશાન થઈ જવા પામ્યા હતા.

● આશારામ યૌન શોષણ કેસમાં ગાંધીનગરની આદાલતે વધુ એક મુદત પાડી છે. હવે પછીની મુદત તા. ૧૧મી જાન્યુઆરની રાખવામાં આવી છે.

● ગાંધીનગરના સે-૨૮ના છાપરામાંથી ગુમ થયેલા બે બાળકો ૧૩ દિવસ બાદ સે-૨૧ પોલીસ દ્વારા શોધી કઢાયા છે. સાહિલ દંતાણી અને રોહિત દંતાણી નામના આ બાળકો એસટી ડેપો ખાતે ખાવાનું શોધતા મળી આવ્યા હતા.

- સમીર રામી,
મો. ૯૯૨૪૪૪૬૬૪૫

# એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં પૂ. સ્વ. દાસકાકા રમતોત્સવ યોજાયો





ગાંધીનગર, તા.૩૦

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં તા. ૨૯-૧-૨૦૧૫ને મંગળવારના રોજ સંસ્થાના આદ્યસ્થાપક પૂ. સ્વ. દાસકાકા સ્મૃતિ રમતોત્સવ ઉજવાઈ ગયો. જેના ઉદઘાટક તરીકે આંતરરાષ્ટ્રીય રમતવીર રાજીવ ગુપ્તા તથા સાંઈ સ્પોર્ટસના કોચ આર.પી. સિંઘ હતા. આ રમતોત્સવમાં શાળાના ધો-૧ થી ૮ની ૧૦૨૫ વિદ્યાર્થીનીઓએ વિવિધ સ્પર્ધાઓ ગોળા ફેંક, ૧૦૦ મીટર દોડ, લાંબી કૂદ, ઊંચી કૂદ, કોથળા દોડ, સ્લો સાઈકલીંગ, લંગડી દોડમાં ભાગ લીધેલ અને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા શાળાનો શિક્ષક ગણ જોડાયેલ અને શાળાની ૫૧ વિદ્યાર્થીનીઓ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બનેલ અને ધો-૬ થી ૮માં વીરબાળા તરીકે પટેલ યાત્રી હસમુખભાઈ (૮-ક), ધો-૧ થી ૫માં વીરબાળા તરીકે પટેલ વૈભવી કિર્તીભાઈ (૨-અ) હતા. ઉપસ્થિત મહેમાનશ્રીએ શાળાની વિદ્યાર્થીનીઓને શિક્ષણ સાથે સ્પોર્ટસનું કેટલું મહત્વ છે તેની શીખ આપેલ. શાળાના આચાર્ય નીરૂબેન જે. પટેલએ સંસ્થા પરિચય આપી આભાર વિધિ સુપરવાઈઝર સંગીતાબેન પટેલ એ કરેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના વ્યાયામ શિક્ષિકા દક્ષાબેન તથા હંસાબેન પટેલ એ કરેલ.

## સિવિલમાં વોર્ડના ઈ.સી.જી બંધ રહેતા દર્દીઓને ભારે હાલાકી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં આઠમાં માળના મેલ-ફિમેલ વોર્ડના ઈ.સી.જી મશીન બંધ હાલતમાં હોવાથી દર્દીઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. હાર્ટના દર્દીઓ માટે અત્યંત જરુરી ઈ.સી.જી રિપોર્ટ માટે દર્દીઓને અન્ય જગ્યાએ જવું પડે છે. જયારે સ્ટાફના કર્મચારીઓને પણ ઈમરજન્સીમાં બીજા વોર્ડમાં ઈ.સી.જી મશીન માંગવા જવુ પડે તેવી પરિસ્થિત ઉભી થવા પામી છે.

ગાંધીનગર મેડીકલ કોલેજ સંચાલિત સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મળતી સુવિધામાં વધારો થવા પામ્યો છે. શહેરની હોસ્પિટલમાં રોજના હજ્જારો સારવાર મેળવી રહ્યા છે. પરંતુ સિવિલમાં જરુરી સાધનો પ્રત્યે તંત્ર ધ્યાન આપતું ન હોય તેવું લાગી રહ્યું છે. ગાંધીનગર સિવિલમાં ઈલેકટ્રો કાર્ડીયોગ્રામ મશીન બંધ હાલતમાં છે તો કેટલાંક રીપેરીંગમાં પડયા છે. હાર્ટના દર્દી માટે ઉપયોગમાં લેવાતા આ મશીન બંધ રહેલા સિવિલમાં ઈન્ડોર દર્દીને ઈ.સી.જી માટે અન્ય મોકલવામાં આવે છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની નવી ઈમારત બન્યા બાદ પણ દર્દીઓની સમસ્યાનો અંત આવતો નથી. જયારે હાર્ટના દર્દીને ઈમરજન્સીમાં જરુર ઉભી થાય તો સ્ટાફના કર્મીઓને પણ તુરંત અન્ય વોર્ડમાં જવાની ફરજ પડે છે. હોસ્પીટલમાં તાત્કાલીક સારવાર વિભાગ અને ગણ્યાંગાંઠ્યા વોર્ડમાં જ મશીન ચાલું હોવાથી દર્દીની હાલત કફોડી બની જાય છે. સિવિલના આઠમા માળે મશીન બંધ હાલતમાં છે દર્દીને અન્ય જગ્યાએ જઈ જરુરી ઈ.સી.જી નીકાળવો પડે છે. અત્યંત આધુનિક બનવા છતા હોસ્પિટલમાં તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી તેવું દર્દી તેમજ સગાઓને લાગી રહ્યું છે. સિવિલમાં સમસ્યાનો અંત કયારે આવશે તેવું વોર્ડમાં ચર્ચાઈ રહ્યું છે. હોસ્પિટલમાં આઠમાં માળે બંધ રહેલા ઈસીજી મશીન ઝડપી કાર્યરત થાય તેમ સ્ટાફ તેમજ કર્મચારીઓ ઈચ્છી રહ્યા છે.

### શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠકમાં વ્યાખ્યાન માળા યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદ દ્વારા આગામી તા. ૪ જાન્યુઆરીને સોમવારના રોજ સાંજે ૪.૦૦ કલાકે સેકટર-૨૧, નમન એપાર્ટમેન્ટ ખાતે માસિક બેઠક મળશે. આ માસિક બેઠકમાં લાઈટ રેલ ટ્રાન્સપોર્ટ અંગે વ્યાખ્યાન માળા યોજાશે. જેમાં મેટ્રો રેલવે પ્રોજેકટના પૂર્વ સલાહકાર એ.એસ. ભટ્ટ તેમજ વેસ્ટર્ન રેલવેના નિવૃત્ત મુખ્ય ઈજનેર ઉપસ્થિત રહી વિષય અંતર્ગત વકતવ્ય આપશે. આ બેઠકમાં નગરના પ્રબુદ્ધ નાગરિકો અને શહેરીજનોને આ પરિસંવાદમાં હાજર રહેવા સંસ્થાના ઉપપ્રમુખ રાજેન્દ્ર પારેખે અનુરોધ કર્યો છે.

### આવતીકાલથી સે-૧૨માં યોગ શિબિર

ગાંધીનગર, તા.૩૦

પ્રેરણા વ્યાયામ શાળા ગાંધીનગર દ્વારા એક યોગાસન શિબિરનું આયોજન નીચે જણાવેલ સ્થળે અને સમયે કરવામાં આવે છે. યોગ શિક્ષક શ્રી ડી.કે. પટેલ દ્વારા ધ્યાન, પ્રાણાયામ, યોગાસનોનું માર્ગદર્શન આપવામાં આવશે. શિબિર તા. ૧-૧-૨૦૧૬થી તા. ૧૦-૧-૨૦૧૬ દરમિયાન સવારે ૬.૩૦થી ૭.૩૦ કલાકે યોજાશે. શિબિર રાજપૂત સમાજ ભવન, સેકટર-૧૨ ખાતે યોજાશે. આ શિબિરમાં દરેક શિબિરાર્થીએ પોતાની શેતરંજી સાથે લાવવાની રહેશે.

## પંચશતાબ્દિ મહોત્સવ કાર્યક્રમ

ગાંધીનગર, તા.૩૦

તાજેતરમાં આંતરરાષ્ટ્રીય પુષ્ટિ માર્ગીય વૈષ્ણવ પરિષદ ગુજરાત પ્રદેશ શાખા ડીસાના સંગઠન મંત્રી ડૉ. જૈમેષ શાહ અને કારોબારી સભ્યોએ હવેલી મંદિર, સેકટર-૨૧ ખાતેની મુલાકાત લીધી હતી તે સમયે ગાંધીનગર વૈષ્ણવ સમાજના પ્રમુખ ડી.એફ. શાહ, આ.પુ.માં વૈ. પરિષદ ગાંધીનગરના પૂર્વ પ્રમુખ એચ.બી. શાહ અને



હાલના પ્રમુખ રસિકભાઈ ગાંધી, મંત્રી હર્ષદભાઈ ગાંધી તેમજ ચંદ્રકાંત અડાલજા કારોબારી સભ્ય હાજર રહ્યા હતા. હાલમાં શ્રીમદ વલ્લભાચાર્યજી મહાપ્રભુજીના દ્વિતીય આત્મજ શ્રી ગુંસાઈજી પ્રભુચરણ પંચશતાબ્ધી મહોત્સવ ચાલી રહ્યો છે જેને અનુલક્ષીને ગાંધીનગરમાં હવેલી મંદિરમાં કાર્યક્રમ યોજાય તેવી ચર્ચા કરવામાં આવી હતી. તેને ધ્યાનમાં રાખી હવેલી મંદિરમાં વચનામૃતનો કાર્યક્રમ, સમગ્ર ગુજરાત પરિષદની કારોબારી સભ્યોની મીટીંગ તથા પુષ્ટીમાર્ગીય આરતી હરિફાઈ ફેબ્રુઆરી-૨૦૧૬માં રાખવાનું આયોજન કરવામાં આવ્યું છે.

## શહેરના સેકટર-૮ ને દબાણ મુક્ત કરાયું

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટરોને દબાણ મુકત કરવા માટે તંત્ર દ્વારા છેલ્લા બે સપ્તાહથી દબાણ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. દબાણ ઝુંબેશને પગલે અડધા શહેરમાંથી લારી-ગલ્લા અને ઝુંપડાના દબાણો નગરમાંથી અદ્રશ્ય થઈ ગયા છે. શહેરીજનોને દબાણમુક્ત ગાંધીનગર લાગી રહ્યું છે. ત્યારે આજે સેકટર-૮ ખાતે દબાણ વિભાગ ત્રાટકીને સેકટરમાંથી નાના મોટા ૨૬ દબાણો દુર કરવાની કામગીરી હાથ ધરી હતી.

ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવવા માટે તંત્રએ જોરશોરથી તૈયારી કરી હોય તેવું લાગી રહ્યું છે. વર્ષો જુનુ નગરજનોનું સપનું દબાણ મુકત ગાંધીનગર સાર્થક થતુ હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં છેલ્લા બે સપ્તાહથી દબાણ વિભાગે નગરમાંથી અડધુ દબાણ દુર કરી દીધું છે. નગરમાંથી ઝુંપડા દુર કરવા તંત્ર દ્વારા કોલવડાગામની સીમમાં આવાસ ઉભા કર્યા છે છતા પણ સેકટરો ઝુંપડાઓ રોજ અસ્તિત્વમાં આવે છે. નગરનું દબાણ તંત્રના અધિકારીઓ માટે માથાનો દુખાવો સમાન બની ગઈ હતી. ત્યારે તંત્ર દ્વારા સેકટરોમાંથી લારી ગલ્લા તેમજ ઝુંપડાઓના દબાણ દુર કરવા માટે અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. અગાઉ પણ નગરના સેકટરોમાંથી દબાણ દુર કરાયા છે. આજે સેકટર -૮ ખાતે સવારથી જ દબાણ વિભાગની ટીમ ત્રાટકી હતી. જેના અંતે લારી-ગલ્લા અને ઝુંપડા સહિત ૨૬ દબાણો દુર કરવામાં આવ્યા હતા. સેકટરના મકાનો તેમજ બંગલાઓની બાજુમાં વર્ષોથી અડીંગો જમાવીને બેસેલા દબાણકારોને તંત્રએ હટાવ્યા હતા. દબાણ હટાવ કામગીરી પોલીસ બંદોબસ્ત વચ્ચે દબાણની કામગીરી કરી હતી. આગામી સમયમાં પણ આ ઝુંબેશ કાર્યરત રહેશે અને શહેરને દબાણ મુકત કરવામાં આવશે.



### સિસિકા દ્વારા ધાબળા તથા સ્વેટરનું વિતરણ

સિનિયર સિટિઝન કાઉન્સિલની નિયમિત સેવાકીય પ્રવૃત્તિ હેઠળ સેકટર-૧, સેકટર-૪ તથા સેકટર-૬ના ફૂટપાથ પર રહેતા શ્રમજીવીઓને ધાબળા વિતરણ કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત જીઈબી-૨, જીઈબી-૩, સેકટર-૪ની ઝુંપડપટ્ટી તથા સેકટર-૬ની આંગણવાડીઓમાં સ્વેટરનું વિતરણ કરાયું હતું. આ ભગીરથ કાર્યમાં એમ.આર. શાહ, બી.ડી. શાહ, એચ.બી. શાહ, જે.એલ. શાહ, સોમાભાઈ પરમાર, અક્ષયભાઈ રાણા, રસીકભાઈ ગાંધી, મીનાબેન શાહ, આશાબેન દોશી, જશુબેન ઠકકર હાજર રહ્યા હતા.

### મોટાબાર ગામ કડવા પાટીદાર સમાજ દ્વારા સ્નેહમિલન-સામાજીક નાટક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

શ્રી મોટા બાર ગામ કડવા પાટીદાર સમાજ ગાંધીનગર દ્વારા સ્નેહમિલન તથા સામાજિક નાટક 'સંસ્કાર' તા. ૧૦મી જાન્યુઆરીએ ટાઉનહોલમાં યોજેલ છે.

આ કાર્યક્રમમાં બપોરે એક વાગે બાળકો માટે રમતગમત, સાંસ્કૃતિક, ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે. રાત્રે આઠ વાગે સાંસ્કૃતિક નાટક 'સંસ્કાર' યોજાશે. સમાજના સભ્યોએ જરૂરી પાસ તા. ૫મી જાન્યુઆરી સુધી સેકટરના પ્રતિનિધિ પાસેથી મેળવી લેવાના રહેશે.

સમારંભના મુખ્ય મહેમાન પદે પ્રો. આર.કે. પટેલ ગોઝારીયાવાળા ઉપસ્થિત રહેશે તેમ શ્રી મહેન્દ્રભાઈ પ્રહલાદભાઈ પટેલ (સરઢવવાળા, નિવૃત્ત મદદનીશ વન સંરક્ષક) પ્રમુખશ્રી શ્રી મોટા બાર ગામ કડવા પાટીદાર સમાજે જણાવેલ છે. કાર્યક્રમને સફળ બનાવવા માટે ઉપપ્રમુખશ્રી જીવણભાઈ પટેલ, શ્રી પ્રવીણકુમાર પટેલ, મંત્રીશ્રી બાબુભાઈ પટેલ, સહમંત્રી શ્રી ધર્મેન્દ્રભાઈ પટેલ, શ્રી બળદેવભાઈ પટેલ, ખજાનચીશ્રી જયેશભાઈ પટેલ, ઓડિટરશ્રી હેમચંદ્રભાઈ પી. પટેલ પ્રયત્નો કરી રહ્યા છે.

# સંગીતની સુરાવલીઓ સાથે મુક્તિધામ ખાતે નૂતનવર્ષનું સ્વાગત

**યુવા કલાકાર સાગર દેસાઈ દ્વારા રચિત 'ઓ રે પિયા...' ગીતનું લોન્ચીંગ કરાશે : યુવાનો નવા વર્ષે સમાજને ઉપયોગી થવાના શપથ ગ્રહણ કરશે : સંગીતમય હનુમાન ચાલીસાથી ૨૦૧૫ને વિદાય અપાશે**

ગાંધીનગર, તા.૩૦

વર્ષ ૨૦૧૫ વિદાય લઈ રહ્યું છે અને વર્ષ ૨૦૧૬ બારણે ટકોરા દઈ રહ્યું છે. સૌ કોઈ નવા વર્ષને આવકારવા થનગની રહ્યાં છે. શહેરમાં અનેક ઠેકાણે ડીજે પાર્ટી તથા ડીનર વગેરેનું આયોજન કરવામાં આવ્યું છે. કેટલાક યુવાનો ૩૧મી ડિસેમ્બરે નશાખોરીનો આશરો લઈ પાર્ટી કરવાને ઉજવણીની રીત હોવાની ગેરમાન્યતા ધરાવતા હોય છે. જો કે ગાંધીનગરના કેટલાક યુવાનો આ બધાથી અલગ તરીને તદ્દન સાત્વિક છતાં રોમાંચક ઉજવણી કરવાના મૂડમાં છે.

ગાંધીનગરની બ્લ્યુ બબલ્સ એકેડમી ઑફ આર્ટ્સના કલાકાર યુવાનોએ નવા વર્ષની ઉજવણી માટે શહેરના સેકટર-૩૦ ખાતે આવેલા સ્મશાન મુક્તિધાન પર પસંદગી ઉતારી છે. ૧૫ યુવાનોના ગ્રુપ દ્વારા રાત્રે ૧૦.૩૦ થી મુક્તિધામ ખાતે થર્ટી ફર્સ્ટ સેલિબ્રેશનનો પ્રારંભ કરાશે. આ સેલિબ્રેશન્સમાં સૌ પ્રથમ આ યુવા મિત્રો એકબીજા સાથે પોતાના ગત વર્ષના અનુભવો યાદ કરશે અને સંસ્થાની કાર્યવાહીનું સરવૈયું પણ મેળવવામાં આવશે. આ પછી યુવાનો દ્વારા સંગીતમય હનુમાન ચાલીસાના પાઠ કરવામાં આવશે. મધ્ય રાત્રિ તરફ આગળ વધતા યુવાનો આગામી વર્ષ માટે સમાજને કેવી રીતે ઉપયોગી થવું તે અંગે ચર્ચા હાથ ધરી સંકલ્પ ગ્રહણ કરશે. અત્રે ઉલ્લેખનીય છે કે




આ યુવાનોમાં અનેક યુવતીઓનો પણ સમાવેશ થાય છે.

બરાબર ૧૨ વાગે યુવાનો એકબીજાને નવા વર્ષની શુભેચ્છાઓ પાઠવશે એન ૧૨.૦૧ કલાકે યુવા કલાકાર સાગર દેસાઈ દ્વારા લિખિત અને તેમણે પોતે સ્વરચિત ગીત 'ઓ રે પિયા...' ને લોન્ચ કરવામાં આવશે. યુવા પ્રતિભા સાગર દેસાઈ દ્વારા રચિત આ ગીતનું સંગીત નિર્દેશન ઋષિકેશ મહેતા અને કિશોર ઠાકોર દ્વારા કરાયું છે તથા આ ગીતનું મ્યુઝિક કંપોઝીગ અભિનવ પરમાર દ્વારા કરવામાં આવ્યું છે. આ સોંગના લોન્ચીંગ દ્વારા આ કલાકાર યુવાનો નૂતન વર્ષનું સ્વાગત કરશે. એક તરફ જયાં દેશની યુવા પેઢી ૩૧મી ડિસેમ્બરને ડીજે પાર્ટી અને ડ્રિન્કસને જ સાચી ઉજવણી માને છે ત્યારે આ સંજોગોમાં બ્લ્યુ બબલ્સ એકેડમીના યુવાનો દ્વારા આ પ્રકારની સાત્વિક તથા કૌશલ્યપૂર્ણ ઉજવણી અન્ય યુવાનો માટે પ્રેરણારુપ બની રહેશે. તેમાં બે મત નથી.

### ચિરવિદાય

- સ્વ. બૈશુબા રામાજી વાઘેલા, ઉ.વ. ૭૭
- સ્વ. કૈલાશબેન અમરીશભાઈ પટેલ, ઉ.વ. ૫૪
- સ્વ. ચુનીલાલ મોહનલાલ દવે, ઉ.વ. ૯૧
- સ્વ. રવિકુમાર પીતાંબરદાસ અમીન, ઉ.વ. ૬૮
- સ્વ. વિક્રમસિંહ પ્રતાપસિંહ વાઘેલા, ઉ.વ. ૫૬
- સ્વ. મગનજી ગંભીરજી રાઠોડ, ઉ.વ. ૬૫
- સ્વ. ગજીબેન મંગાજી ઠાકોર, ઉ.વ. ૭૫